# રાજ્યભરમાં આફતનો વરસાદ

## રાજકોટમાં ૨૨ ઈંચ વરસાદથી જળબંબાકાર : જુનાગઢમાં વિસાવદરમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ : નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા : હજારો લોકોનું સ્થળાંતર : સાવચેતીના પગલા, બચાવ અને રાહત કામગીરી જારી

અમદાવાદ,તા. ૨૬
ગુજરાતમાં સાર્વત્રિક વરસાદનો દોર જારી રહ્યો છે. સુરત, વડોદરા અને ભરૂચમાં જળબંબાકારની સ્થિતિ સર્જાયા બાદ હવે રાજકોટમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ૨૨ ઈંચ જેટલા વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા બે દિવસથી પડી રહેલા અનરાધાર વરસાદના કારણે લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. રાજકોટમાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે પણ કેટલાક લોકોએ પૂરની મજા પણ માણી હતી. રાજકોટમાં એક અન્ડરબ્રિજમાં ભરાયેલા પાણીમાં લોકોએ તરવાની મજા માણી હતી. નીચાણવાળા વિસ્તારો સહિત સમગ્ર રાજકોટમાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. કાલાવડ રોડ પર આવેલા અન્ડબ્રિજમાં સ્વીમીંગપુલ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદના કારણે રાજકોટમાં વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવાતંત્ર દ્વારા પગલા લેવાઈ રહ્યા છે. વરસાદના કારણે આજી નદી બે કાંઠે થઈ છે જેથી ૨૨૦૦ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ છે. ગુરુવારે એટલે કે આજે વહેલી પરોઢે વરસાદ શરૂ થયા બાદ દિવસ દરમિયાન વરસાદ જારી રહ્યો હતો જેથી નીચાણવાળા વિસ્તારોમાં અનેક સોસાયટીના મકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. રાજકોટના આજી-૨ બંધમાં ઓવરફ્લોની સ્થિતિ જોવા મળી રહી છે. બીજી બાજુ સુરત અને વડોદરામાં સ્થિતિમાં હજુ સુધી નોંધપાત્ર સુધાર થયો નથી. બીજી બાજુ વડોદરામાં વરસાદ રોકાઈ ગયો હોવા છતાં પૂરનું સંકટ સંપૂર્ણપણે ઘટ્યુ નથી. વિશ્વામિત્રી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયેલા છે. અકોટા ગામમાં અનેક ઘરોમાં પૂરના પાણી ભરાઈ ગયા છે. વડોદરામાં છેલ્લા ચાર દિવસથી વરસાદ બાદ સ્થિતિમાં સુધારો નોંધાયો છે. વડોદરા જિલ્લામાંથી ૮૭૭૪ લોકોનું સ્થળાંતર કરાયુ છે. દરમિયાન ગુજરાતમાં વરસાદના કારણે સત્તાવાર રીતે ૧૩ લોકોના મોત થયા છે.




## જુનાગઢના વિસાવદરમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ

**ગુજરાતભરના ૫૮ તાલુકામાં બેથી ચાર ઈંચ અને આઠ તાલુકામાં આઠથી ૧૦ ઈંચ વરસાદ નોંધાયો : અહેવાલ**

અમદાવાદ, તા.૨૬
રાજ્યમાં સાર્વત્રિક વરસાદનો દોર જારી રહ્યો છે. રાજકોટ અને વિસાવદર ઉપરાંત કુલ ૧૧ તાલુકામથકે ૮ થી ૧૧ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યના ૧૨ તાલુકામાં છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા પ્રમાણે આજે સવારે ૭-૦૦ કલાકે પુરા થતા ૨૪ કલાક દરમિયાન જેમાં અમરેલી જિલ્લા બાબરા તાલુકામાં ૨૮૪ મીમી એટલે કે ૧૧ ઈંચથી વધુ જ્યારે સુરત શહેરમાં ૨૫૦ મીમી અને કામરેજમાં ૨૪૮ મીમી એટલે કે ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત સુરતના ઓલપાડમાં ૨૩૯ મીમી, રાજકોટ જિલ્લા જસદણમાં ૨૩૫ મીમી, સુરતના ચોર્યાસીમાં ૨૨૨ મીમી, સુરેન્દ્રનગરના ચોટીલામાં ૨૧૮ મીમી, ભાવનગર શહેરમાં ૨૧૦ મીમી તેમજ જામનગર જિલ્લાના જામજોધપુર અને બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં ૨૦૭ મીમી ઉપરાંત રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણીમાં ૧૯૯ મીમી જેટલો વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત રાજ્યના ૧૨ તાલુકામથક એવા છે જ્યાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૬ થી ૮ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જેમાં સુરત જિલ્લાના પલસાણામાં ૧૮૩ મીમી, બોટાદમાં ૧૮૧ મીમી, રાજકોટ જિલ્લાના પડધરીમાં ૧૭૮ મીમી, અમરેલીના ધારીમાં ૧૭૬ મીમી, વડોદરાના કરજણમાં ૧૭૫ મીમી, ભરૂચ જિલ્લાના વાગરામાં ૧૭૦ મીમી અને હાંસોટમાં ૧૬૯ મીમી, દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકામાં ૧૬૧ મીમી, બોટાદના રાણપુરમાં ૧૬૦ મીમી અને બારવાળામાં ૧૫૫ મીમી, ભરૂચમાં ૧૫૪ મીમી અને અમરેલીના સાવરકુંડલા તાલુકામાં ૧૫૩ મીમી વરસાદ નોંધાયો છે. આ સિવાય રાજ્યના ૨૩ તાલુકા એવા છે જેમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪ થી ૬ ઈંચ વરસાદ નોંધાયો છે. જેમાં જલાલપોર ૧૪૮ મીમી, સાણંદ ૧૪૭ મીમી, ખાંભા ૧૪૪ મીમી, પાદરા ૧૩૫ મીમી, લોધીક ૧૩૧ મીમી, સાયલા ૧૨૯ મીમી, ધોરાજી ૧૨૯ મીમી, લાલપુર ૧૨૬ મીમી, ગોંડલ ૧૨૬ મીમી, સુત્રાપાડા ૧૨૫ મીમી, બારડોલી ૧૨૫ મીમી, કોડીનાર ૧૨૨ મીમી, મુળી ૧૨૧ મીમી, અમદાવાદ ૧૧૯ મીમી, જેતપુર ૧૧૬ મીમી, નવસારી ૧૧૬ મીમી, લાઠી ૧૧૪ મીમી, જાફરાબાદ ૧૧૪ મીમી, ખંભાળિયા ૧૧૩ મીમી, કાલાવાડ ૧૦૯ મીમી, પ્રાલિતાણા ૧૦૯ મીમી, અંકલેશ્વર ૧૦૫ મીમી, જોડિયા ૧૦૫ મીમી અને સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં ૧૦૩ મીમી જેટલો વરસાદ નોંધાયો છે.

## અંબાજી જતા ૯૦૦ પદયાત્રીઓએ રેડક્રોસ સોસાયટીના તબીબી સેવા યજ્ઞનો લાભ લીધો

ગાંધીનગર, તા.૨૬
ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટીની ગાંધીનગર ડીસ્ટ્રીકટ બ્રાન્ચ દ્વારા ભાદરવી પૂનમે આદ્યશકિત મા અંબાના દર્શને જતાં પદયાત્રીઓ માટે તબીબી સેવા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૭મી સપ્ટેમ્બરથી તા. ૧૪મી સપ્ટેમ્બર સુધી ચાલેલા આ સેવા યજ્ઞનો આશરે ૯૦૦ જેટલા પદયાત્રીઓએ લાભ લીધો હતો

પંચદેવ યુવક મડંળના સહકારથી ચ-૦ સર્કલે કરાયેલા આ સેવા યજ્ઞમાં ભાવિકોને શરદી, તાવ, દુઃખાવો, વાગવા-પડવાથી પડેલા ઘા કે ઈજા વગેરે માટે તબીબી સવાઓ પૂરી પાડવામાં આવી હતી. પગમાં છાલા, ઘસરકાં અને ઈજાઓનું ડ્રેસીંગ કરી આપવામાં આવ્યું હતું. સ્વયંસવકો દ્વારા માલીશ પણ કરી આપવામાં આવી હતી. આ ભગીરથ કાર્યમાં સંસ્થાના સભ્યો નીલ પટેલ, જતીન પટેલ, ભરતભાઈ, હિદાયત પઠાણ, હિતેષ રાવલ, કૌશિક ભટ્ટ, રોહિત પટેલ, ગૌરવ પટેલ તેમજ ડૉ. હાર્દિક તલાટીએ ઉત્કૃષ્ઠ સેવાઓ આપી હતી. નગરજનો દ્વારા આ સેવા કાર્યમાં આર્થિક સહયોગ પણ સંસ્થાને સાંપડયો હતો. આ ઉપરાંત તા. ૧૫થી ૧૮મી સપ્ટેમ્બર સુધી અંબાજી જતા રસ્તે આ તમામ સેવાઓ આપવામાં આવી હતી. આ કાર્યમાં સહયોગ આપનાર તમામનો રેડક્રોસ સોસાયટી વતી હર્ષભેર આભાર માનવામાં આવ્યો છે.

## ભાજપ પ્રદેશ યુવા મોરચાનું યુવા મતદાન જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા. ૨૬
ભારતીય જનતા યુવા મોરચાના મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલ અને શ્રી હિરેનભાઈ હિરપરા જણાવે છે કે ૨૧મી સદીના સ્વપ્રદૃષ્ટા અને સુરાજ્યના આગ્રહી એવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૫મી ઓગષ્ટ-૨૦૧૩ના રોજ ભારતમાં પ્રવર્તતી લોકશાહીની ચિંતા વ્યક્ત કરી હતી. દેશના યુવાનો ખાસ કરીને ૧૮ થી ૨૫ વર્ષની વય મર્યાદામાં આવેલ નવયુવાન પોતાના જીવનની બે-ચાર ચૂંટણીઓ થઈ જાય ત્યાં સુધી મતદાર તરીકે રજીસ્ટર થતા નથી અને ચૂંટણીના દિવસે મતદાનથી વંચિત રહે છે. લોકશાહીમાં મોટામાં મોટો ધર્મ નાગરિક ધર્મ છે અને નાગરિકોનો મોટામાં મોટો ધર્મ એ મતાધિકાર છે. ગુજરાત ભાજપ યુવા મોરચા પ્રમુખ શ્રી પ્રદિપસિંહ વાઘેલાએ મુખ્યમંત્રીશ્રીની આ લાગણીનો યોગ્યત્તમ પ્રતિસાદ મળી રહે તે હેતુસર રાજ્યભરમાં એક અભિયાન હાથ ધરવાની હાંકલ કરી હતી. જે અભિયાનના ભાગરૂપે દરેક યુવાન મતદાર બને તે માટે ગુજરાત પ્રદેશ યુવા મોરચા દ્વારા તા. ૨૭ સપ્ટેમ્બરથી ૫ ઓકટોબર સુધી 'યુવા મતદાન જાગૃતિ' અભિયાન હાથ ધરાશે.

આ અભિયાન અંતર્ગત ભારતીય જનતા યુવા મોરચાના કાર્યકર્તાઓ દરેક કોલેજ, યુનિવર્સિટી, ઔદ્યોગિક વસાહત વગેરે જ્યાં ૧૮ થી ૩૦ વર્ષ સુધીના યુવાનો જે મતદાર થવાના બાકી છે તે યુવાન મતદાર થાય અને આગામી ચૂંટણીમાં મત આપવાથી વંચિત ન રહી જાય તે માટે તમામ પ્રયત્નો પ્રદેશ યુવા મોરચા દ્વારા કરાશે એમ શ્રી હિતેશભાઈ પટેલ અને શ્રી હિરેન હિરપરાએ ઉમેર્યુ હતું.

## અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડતી કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૬
દક્ષિણ ગુજરાતમાં હજુ પણ વરસાદનું જોર ચાલુ રહેતા અમદાવાદ મુંબઈ વચ્ચે ત્રીજા દિવસે પણ ટ્રેન વ્યવહાર ખોરવાઈ રહેવા પામ્યો છે. જેના કારણે હજ્જારો મુસાફરો રઝળી પડ્યા હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર ચાલુ રહેતા કેટલાક સ્થળોએ રેલવે ટ્રેક પર પાણી ફરી વળતા ટ્રેન વ્યવહાર ખોરવાઈ જવા પામ્યો છે. અમદાવાદ મુંબઈ વચ્ચે આવતી જતી અનેક ટ્રેનો ૩ થી ૪ કલાક મોડી દોડી રહી છે તો કેટલીક ટ્રેનોને રદ કરી દેવામાં આવી છે.

ટ્રેન વ્યવહાર ખોરવાતા રેલવે સ્ટેશનો પર હજ્જારો મુસાફરો રઝળી પડ્યા હતા અને ભારે હાલાકીનો સામનો મુસાફરોએ કરવો પડ્યો હતો. આજે ત્રીજા દિવસે પણ કેટલીક ટ્રેનો વરસાદને કારણે રદ કરવી પડી છે.

## કડવા પાટીદાર સમાજની વાર્ષિક સભા

ગાંધીનગર, તા.૨૬
ગાંધીનગરના કડવા પાટીદાર સમાજની ૩૩મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૯મી સપ્ટેમ્બર રવિવારના રોજ ઉમા સમાજ ભવન હોલ ખાતે મળશે. આ સભામાં સમાજના હોદ્દેદારો, કારોબારી સભ્યો, દાતાઓ ટ્રસ્ટીઓ તથા સમાજના સર્વે સભાસદોને હાજર રહેવા તાકીદ કરાઈ છે.

## વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહને જન્મદિન શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૨૬
ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહને આજે તેમના જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રીશ્રીને જન્મ દિવસના મુબારક પાઠવતા તેમના તંદુરસ્ત નિરામય દીર્ઘાયુંની વાંચ્છના કરી હતી.

## હજયાત્રીઓનો પ્રથમ જથ્થો રવાના

અમદાવાદ, તા. ૨૬
ગુજરાત રાજ્યમાંથી હજ પઢવા જતા હજયાત્રીઓનો પ્રથમ જથ્થો આજે અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ, જૂના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ટર્મીનલ નંબર-૩ ઉપરથી હજ ચાર્ટર ફ્લાઈટ નંબર એસ.વી.-૫૪૫૯ દ્વારા રવાના થયો. રાજ્ય કક્ષાના કાયદો ન્યાયતંત્ર અને પ્રોટોકોલમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ શુભેચ્છા પાઠવી હતી. હજયાત્રીઓની સાથે યાત્રા દરમ્યાન દરેક ફ્લાઈટ દીઠ વોલીયેન્ટર અને ગુજરાતી ડૉક્ટરની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા ગોઠવવામાં આવી છે.

આ પ્રસંગે ગુજરાત હજ સમિતિના ચેરમેન શ્રી મહેબુબ અલી બાવા, નિયામક સર્વશ્રી યુનુસભાઈ શેખ, સલામાબેન આંબાવાલા તથા હજ સમિતિના સચિવ શ્રી આઈ.એમ. કુરેશી વગેરેએ ઉપસ્થિત રહી હજયાત્રીઓને શુભેચ્છા પાઠવી હતી.



સુરતમાં સતત ત્રણ દિવસથી વરસાદ પડવાને કારણે શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આજે ગુરૂવાર સવારથી જ વરસાદે પોરો ખાતા પૂરના પાણી ઓસરી ગયા હતા અને જે તે સ્થળોએ સાફસફાઈ શરૂ થઈ ગઈ હતી. આજે પુનઃ જનજીવન ધબકતું થઈ ગયું છે. જો કે હજુ જે વિસ્તારોમાં પાણી ભરાયા હતા ત્યાં કેટલીક દુકાનો વગેરે બંધ છે. સાફસફાઈ કામ પૂર્ણ કર્યા પછ જ શરૂ થઈ શકે એમ છે. સુરતના નીચાણવાળા વિસ્તારોને બાદ કરતાં સમગ્ર શહેર પુનઃ ધમધમવા લાગ્યું છે. (તસવીર : આશિષ કાકડીયા)

## શબ્દાવલી - ૫૧૮૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | |
| ૬ | | | ■ | ૭ | | | ■ |
| | ■ | ૮ | | | ■ | ■ | ૯ |
| | ■ | | ■ | ૧૦ | ૧૧ | ■ | |
| ■ | ૧૨ | ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | |
| ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | | |
| ૧૯ | | | | ■ | ૨૦ | | ■ |
| ૨૧ | | ■ | ■ | ૨૨ | | | |

### આડી ચાવી

૧. હારેલુ (૪)
૪. કસરતનું એક સાધન (૩)
૬. સોગન, સમ (૩)
૭. ધાબળો, ગરમ કામળો (૩)
૮. બાતલ, કેન્સલ (૨)
૧૦. બાતલ, કેન્સલ (૨)
૧૪. ... ને તેડુ ના હોય, ખેલ (૩)
૧૬. મા-બાપ પિયર સંબંધી (૪)
૧૮. એક કાંટાવાળુ ઝાડ જેના દાતણ થાય (૩)
૧૯. પ્રવાહી દવા, ઔષધ (૪)
૨૦. ચોળાની દાળની એક બનાવટ (૨)
૨૧. બંદુકને... પણ કહેવાય (૨)
૨૨. ઉપયોગ, પ્રયોગ (૪)

### ઊભી ચાવી

૧. પકવેલ અનાજ (૪)
૨. ગરબાનો એક પ્રકાર (૨)
૩. રમતગમતની મંડળીને રમવાની જગ્યા (૪)
૪. પ્રયોગશાળા, લેબોરેટરી (૨)
૫. ઊંડા પાણીવાળો ધરો (૨)
૭. કાંકરો, નાનો પથ્થર (૩)
૯. ચલણી કિસ્સા પાડવાનું કારખાનું (૪)
૧૧. ગુરૂદત્તાત્રેયના જીવન ચરિત્રને લગતું સ્તોત્ર (૫)
૧૨. મૃત્યુ, મોત (૪)
૧૩. મારવાનો તાંત્રિક પ્રયોગ (૩)
૧૫. મા કહ્યા કરે તેમ કર્યા કરે તેવો માણસ (૪)
૧૬. માંગ, રસ્તો (૩)
૧૭. નક્કી કરવું, ... કરવું (૨)

### શબ્દાવલી ૫૧૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) રિદ્ધુ (૨) પાયા (૪) ચણ (૫) ગણીકા (૬) રીંગણ (૭) પાતરા (૯) વેફર (૧૨) રોગ (૧૩) શરાફત (૧૫) દન (૧૭) કદ (૧૯) કિરણ (૨૦) પારાવાર (૨૨) રોમ (૨૩) પિલોર
**ઊભી ચાવી :-** (૧) રીપેરીંગ (૫) પાણી (૩) પાકા (૪) ચબુતરો (૫) ગણવેશ (૮) રાગડો (૧૦) ફરાર (૧૧) રફ (૧૪) તકરાર (૧૫) દેકિરો (૧૬) નરમ (૧૮) દવા (૨૦) પાલો (૨૧) રજા

## અતિવૃષ્ટિ અસરગ્રસ્તોને આર્થિક સહાય આપવા નિર્ણય

### ખેડૂતોને પાકના નુકસાન બદલ સહાય ચૂકવાશે : મૃત્યુના કિસ્સામાં બે લાખ : જમીનદોસ્ત મકાન માટે ૭૦ હજાર મળશે

ગાંધીનગર, તા.૨૬
દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદથી ઉભી થયેલી પરિસ્થિતિ હળવી થતી જાય છે અને સિસ્ટમ સૌરાષ્ટ્ર અને કચ્છ તરફ આગળ વધી રહી છે ગઈ રાત્રીથી સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ભારે વરસાદ થઈ રહ્યો છે રાજ્યમાં વરસાદની પરિસ્થિતિ અંગે ચર્ચા-વિચારણા કરવા અને માર્ગદર્શન આપવા માટે નાણાં મંત્રી નીતિનભાઈ પટેલ, મહેસુલ મંત્રી આનંદીબેન પટેલ, મુખ્ય સચિવ વિવિધ વિભાગના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે સ્ટેટ ક્રાઈસીસ ગ્રુપની બેઠક મળી હતી.

આ બેઠકમાં મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની તેમજ પુર રાહત બચાવની કામગીરી અંગે સમીક્ષા કરી હતી અને કલેક્ટરો દ્વારા મળેલ વિગતોને ધ્યાનમાં રાખી હજુ પણ વધુ સઘન પ્રયત્નો કરી પુરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિકોને વધુ સારી વ્યવસ્થા મળે, ભરાઈ રહેલ પાણીઓ નિકાલ થાય, અસરગ્રસ્તોને ભોજન અને આરોગ્યની સુવિધાઓ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા વિવિધ જિલ્લાના વહીવટી તંત્રો સતત દેખરેખ રાખે અને જરૂરીયાત મુજબના પગલા સમયસર લે તે અંગે માર્ગદર્શન અપાયું હતું.

ભારે વરસાદને કારણે જે નાગરિકોને જાનમાલનું નુકશાન થયું હોય ખેડૂતોને થયેલ પાકના નુકશાન અંગે તાત્કાલીક સર્વે કરી ધોરણો મુજબ સમયસર સહાય ચુકવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બેઠકમાં આપત્તિગ્રસ્તો માટે અપાતી સરકારી સહાયમાં સહાયના ધોરણો વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો જે મુજબ હવે પૂરગ્રસ્ત વિસ્તારોમાં મકાન પડી જવાથી, વીજકરંટ લાગવાથી કે નદીના પુરમાં તણાઈ જવાથી જેવા વિવિધ પ્રકારે થયેલ મૃત્યુના કિસ્સામાં વ્યક્તિદીઠ રૂા. ૨ લાખની સહાય આપવાનો નિર્ણય કરાયેલ છે. તે જ રીતે અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળાંતર કરી આવેલ આ નાગરિકોને રૂા. ૪૦ની દૈનિક સહાય કેશડોલ્સ પેટે ચુકવાશે તેમજ સંપૂર્ણ રીતે નાશ પામેલ મકાન માટેની સહાયમાં પણ વધારો કરીને રૂા. ૩૫,૦૦૦ ચુકવાતી હતી તે હવે રૂા. ૭૦,૦૦૦ કરવામાં આવી છે.

## દરખાસ્તો નામંજૂર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત આજે સામાન્ય સભાએ પંચાયતની આરોગ્ય શાખાને બેસવાની તકલીફ પડતી હોવાથી અલાયદુ આરોગ્ય ભવન બનાવવા માટેની દરખાસ્ત રાજ્ય સરકારમાં રજુ કરવા માટેની હતી તેને બહાલી આપી છે. હવે આ અંગે ટૂંકમાં જ સરકારને દરખાસ્ત કરવામાં આવશે.

પંચાયતની આજની સામાન્ય સભાએ પ્રા. શાળાઓમાં સી.સી. કેમેરા ટી.વી. લગાવવાના પ્રોજેક્ટને પણ નામંજૂર કર્યો છે. ભાજપના સભ્યોએ આ અંગે વિરોધ કરતાં જણાવ્યું હતું કે બજેટમાં જોગવાઈ નથી અને ખર્ચ કરવાનો અર્થ નથી. જો કે તંત્રએ બજેટમાં ૪ લાખની જોગવાઈ ગયા વર્ષે કરાઈ હતી એવો બચાવ કર્યો હતો પરંતુ સભ્યોએ ગ્રાહ્ય રાખ્યુ ન હતુ.

પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે સભ્યોને અપીલ કરતાં જણાવ્યું હતું કે આ સુવિધા કન્યા શાળાઓ માટે ખાસ છે તો પણ સભ્યો ટસના મસ ના થતાં આ દરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી.

## 'ટીમ ગાંધીનગર'ની રચના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રીમતિ મંગીબેન પટેલ તથા શ્રીમતિ જ્યોત્સનાબેન પટેલની નિયુક્તી કરી છે. શિક્ષણ સમિતિમાં ભાજપના સભ્યના સમાવેશથી હતપ્રભ થયેલા વિપક્ષ પાસે વિરોધનો કોઈ વિકલ્પ રહ્યો ન હતો જો કે સભ્યોએ કહ્યું કે શિક્ષણમાં જ નહિ કારોબારીમાં પણ સ્થાન આપો અમને ગમશે.

આજની આ સામાન્ય સભામાં જિલ્લા આયોજન સમિતિની રચનાનો પણ મુદ્દો હાથ પર લેવામાં આવ્યો હતો. આ સમિતિમાં પંચાયતના ૪/૫ સભ્યોનો સમાવેશ કરવાનો હોવાથી કોંગ્રેસે ભાજપના ૪ સભ્યોને સમાવવાની દરખાસ્ત કરી તો ભાજપે ૮ સભ્યોને સમાવવાની વાત કરી હતી. પરંતુ કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી અરવિંદસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે પાંચ સભ્યોને સમાવી શકાશે. આખરે ભાજપના પાંચ સભ્યોનો સમાવેશ કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

આમ વિપક્ષ માટે આજે બગાસુ ખાતાં પતાસુ મળ્યા જેવું થયું હતું. પંચાયતની શિક્ષણ સમિતિ ઉપરાંત જિલ્લા આયોજન સમિતિમાં સ્થાન મળ્યું છે.

## વરસાદી માહોલ યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુશ્કેલીનો સામનો કર્યો હતો. તેઓ વરસાદથી બચવા માટે ઝાડ નીચે અથવા તો પ્લાસ્ટીક નીચે ઉભા રહી જતા હતા અને વાહન-વ્યવહારથી ધમધમતા માર્ગો પર વાહનો ધીમીગતિએ ચાલતા જોવા મળ્યા હતા.

આજે દિવસ દરમ્યાન ગરમીનું પ્રમાણ ૨૭.૫ ડિગ્રી જેટલું નોંધાતા વરસાદના ઝાપટા પછી પણ ઉકળાટમાં રાહત થઈ નથી. જો કે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૯૨ ટકા નોંધાયું હતું જ્યારે સાંજે તેમાં વધારો થઈ તે ૯૬ ટકા નોંધાયું હતું.

જિલ્લાના ગાંધીનગર માણસા અને કલોલ તાલુકામાં હળવા વરસાદના ઝાપટા નોંધાયા હતા. ગાંધીનગરમાં ૧૬ મી.મી., માણસામાં ૧૦ મી.મી. તો કલોલમાં ૫ મી.મી. જેટલો વરસાદ આજે દિવસ દરમ્યાન સાંજે ૬ વાગ્યા સુધી નોંધાયો હતો.

હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે હજુ પણ આગામી ૨૪ કલાકમાં ભારે થી અતિ ભારે વરસાદ થવાની સંભાવનાઓ છે.

જિલ્લાના માણસા અને દહેગામ તાલુકામાં તો ૪૦ ઈંચ કરતાં વધુ વરસાદ આ મોસમનો થઈ ચુક્યોછે તો ગાંધીનગર અને કલોલમાં અનુક્રમે ૩૯ અને ૩૮ ઈંચ જેટલો વરસાદ સિઝનનો અત્યાર સુધીમાં નોંધાઈ ચુક્યો છે. સતત વરસાદી માહોલને કારણે ખેતીક્ષેત્રે નુકશાન થવાનો ભય ઉભો થયો છે. જો કે પાછોતરૂ વાવેતર થયુ હશે તેવા પાકોને થોડીક રાહત રહેશે તેમ મનાઈ રહ્યું છે.